કમિશ્નરશ્રી(આઇસીડીએસ)ની કચેરી ખાતે ડ્રાઇવરની ૦૨ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/CIE/e-file/23/2023/1481/B1

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધાં :**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૪/૦૪/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૩/૧૦/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

(૩) કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૬/૦૮/૨૦૨૫ પનો પત્ર ક્રમાંક :ICDS/0174/08/2025

**આમુખ :**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી ગાંધીનગર ખાતેની ૩૨ જગ્યાઓની સેવાઓ તા.૦૧/૧૨/૨૦૨૩થી ૩૧/૧૦/૨૦૨૪ સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના ઠરાવથી આ જગ્યાઓની સેવાઓ વધુ ૧૧ માસ માટે તા.૩૦/૦૯/૨૦૨૫ સુધી અથવા નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યાં સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જે જગ્યાઓની મુદ્દત પુર્ણ થતાં વધુ ૧૧ માસ માટે મેળવવાની મંજુરી આપવા વંચાણે લીધા ક્રમાંક (૩) હેઠળના પત્રથી કમિશ્નરશ્રી(આઇસીડીએસ)ની કચેરીએ દરખાસ્ત કરેલ. જે કુલ-૩૨ જગ્યાઓ પૈકી ડ્રાઇવરની ૦૨ જગ્યાઓની સેવાઓની મુદ્દત પુર્ણ થતાં વધુ ૧૧ માસ માટે મેળવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

૧. પુખ્ત વિચારણાને અંતે કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરીની ૦૨-ડ્રાઇવરની આઉટસોર્સ સેવાઓની મુદ્દત તા.૩૦/૦૯/૨૦૨૫ના રોજ પુર્ણ થતાં તા.૦૧/૧૦/૨૦૨૫થી વધુ ૧૧ માસ એટલે કે તા.૩૧/૦૮/૨૦૨૬ સુધી માસિક રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય)ના મહેનતાણાથી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫/૧૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Signature Not Verified
Signed by : Rakeshkumar Prajapati
Section Officer
Women and Child Development Department
Date : 2026.01.03 11:12:53 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

3. સચિવશ્રી(ખચે)ના રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
8. સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
9. શાખા સિલેક્ટ ફાઈલ